# પ્રકરણ - ૧૨

## સંકલીત બાળ વિકાસ યોજના ક્ષેત્રે સિધ્ધિ

### પુરક પોષણ પુરું પાડવું.

૭ માસથી ૩ વર્ષના બાળકોને રો-રાશન (ઘઉં,તેલ,મગદાળ) ઘરે આપવામાં આવે છે. ૩ વર્ષથી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને રો-રાશન આપવામાં આવે છે. માસના આઠ દિવસ માતૃમંડળ અને સખી મંડળની મદદથી ગરમ નાસ્તો ૨ રૂપિયા નેટ મર્યાદામાં કેન્દ્ર પર આપવામાં આવે છે.તેમજ આંગણવાડી કેન્દ્રમાં ઉપલબ્ધ ઘઉં/ચણા અને ચોખા ની આટાની વાનગી કેન્દ્ર પર આપવામાં આવે છે. તથા સગર્ભા ધાત્રી કિશોરીઓને રો-રાશન (ઘઉં,તેલ,મગદાળ) રૂપે પુરું પાડવામાં આવે છે.

- આરોગ્ય પોષણ શિક્ષણ (૧૫ થી ૪૫ વર્ષની બહેનોને આપવામાં આવે છે.)
- રોગ પ્રતિકારક રસીકરણ (સગર્ભા સ્ત્રી તેમજ બાળકોને આપવામાં આવે છે.)
- રેફરલ સેવાઓ
- અનૌપચારીક પુર્વપ્રાથમિક શિક્ષણ (૩ થી ૬ વર્ષના બાળકોને આપવામાં આવે છે.)
- ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને દર બુધવારે આર્યનફોલીકની ગોળી આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.

### સબલા યોજના

ભારત સરકાર ધ્વારા સબલા યોજના ધ્વારા અમલ નક્કી કરેલ છે. જેમા ગુજરાત રાજયના કુલ ૯ જિલ્લા આવરી લેવામાં આવેલ છે. જેમા કચ્છ જિલ્લાનો સમાવેશ થયેલ છે. જેમા આપવાની થતી સેવાઓ નીચે મુજબ છે.

- ૧. પોષણ
- ૨. આઈ.એફ.એ. ગોળી
- ૩. આરોગ્યની તપાસ અને રેફરલ સેવાઓ
- ૪. પોષણ અને આરોગ્ય શિક્ષણ અને રોજગાર લક્ષી તાલીમ
- ૫. કુટુંબ કલ્યાણ, બાળ સંભાળ અને ગૃહ સંચાલન વિશે સલાહ સુચનો

### યોજનાનો હેતુ

- ૧૧ થી ૧૮ વર્ષની બાળાઓમાં પોષણનું સ્તર સુધારવું.
- અક્ષરજ્ઞાન અને આંકડાકીય કૌશલ્ય વધે તેવું શિક્ષણ આપવું.
- સામાજિક જ્ઞાન વધે અને ભવિષ્યમાં જીવનમાં તેઓ સ્વ નિર્ણય કરી શકે તેવા તૈયાર થાય તેનું આયોજન કરવું.
- ભવિષ્યમાં આવક મેળવી શકે તેવા ગૃહ હુન્નરો શીખે / ઘર ગથ્થુ કામકાજમાં વધારે નિપુંણ બને.
- આરોગ્ય / સ્વચ્છતા / પોષણ / કુટુંબ કલ્યાણ / બાળ સંભાળ ગૃહ સંચાલનની અને ૧૮ વર્ષ પુરા કર્યા પછી લગ્ન કરવા જોઈએ તે તમામ બાબતોમાં જાગૃત થાય.

**દુધ સંજીવની યોજના**

- **વિકાસશીલ તાલુકા લખપત અને રાપરમાં આ યોજના કાર્યરત છે.**

૬ માસથી ૩ વર્ષના બાળકો અને ૩ થી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ફ્લેવર્ડ મિલ્ક(૧૦૦) આપવામાં આવે છે. તેમ જ સગર્ભા બહેનો, ધાત્રી માતાઓને અઠવાડીયામાં બે દિવસ(૨૦૦) ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે

હેતુ : પોષણ સ્તરમાં સુધારો કરવા

**આઈ.સી.ડી.એસ. ઘટકોની મંજુર, ભરેલ અને ખાલી જગ્યાની માહિતી દર્શાવતું**

| (અ) જીલ્લાકક્ષાની જગ્યાઓ-ભુજ-કચ્છ | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **જગ્યાનું નામ** | **મંજુર થયેલ જગ્યાઓ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **રીમાર્કસ** |
| ૧ | પ્રોગ્રામ ઓફીસર-૧ | ૧ | ૦ | ૧ | |
| ૨ | ઓફીસ સુપ્રીટેન્ડેન્ટ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| ૩ | જિલ્લા પ્રોગ્રામ આસીસ્ટ્નટ | ૩ | ૨ | ૧ | |
| ૪ | આંકડા મદદનીશ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| ૫ | જુનીયર કલાર્ક વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| ૬ | પટાવાળા વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| 7 | એકાઉન્ટન્ટ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| **કુલ સરવાળો** | | ૯ | ૭ | ૨ | |

| (બ) ઘટકકક્ષાની જગ્યાઓ - કચ્છ | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **જગ્યાનું નામ** | **મંજુર થયેલ જગ્યાઓ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **રીમાર્ક્સ** |
| ૧ | સીડીપીઓ | ૧૨ | ૧ | ૧૧ | |
| ૨ | સુપરવાઈઝર (મુ.સે) વર્ગ-૩ | ૮૭ | ૬૯ | ૧૮ | |
| ૩ | આંકડા મદદનીશ વર્ગ-૩ | ૧૨ | ૯ | ૩ | |
| ૪ | જુનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૧૨ | ૧૧ | ૧ | |
| ૫ | પટાવાળા વર્ગ-૩ | ૧૧ | ૧૧ | ૦ | |
| **કુલ સરવાળો** | | **૧૩૪** | **૧૦૧** | **૩૩** | |